ગાંધીનગર સમાચાર

ખ-૩ થી ખ-૫ જવાનો માર્ગ સવા બે માસ બંધ રહેશે

@ગાંધીનગર

● સે-૪, પ્લોટ નં. ૧૮/૧ ખાતે સાંજે ૪.૦૦ કલાકે લાલાભગત ગ્રુપ દ્વારા કુસુમબેન કાન્તિલાલ પરમારના નિવાસ સ્થાને બહુચરમાતાના આનંદનો ગરબો યોજાશે.

● સે-૨, સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦ કલાકે ગોવર્ધનપૂજન સાથે અન્નકુટ યોજાશે.

● પેથાપુરના સુખડેશ્વર મહાદેવ મંદિર ખાતે અતિરૂદ્ર મહાયાગ અંતર્ગત મહાદેવનો મહાભિષેક સવારે ૯.૧૫ કલાકે, રૂદ્ર હોમ સવારે ૧૦.૧૫ કલાકે યોજાશે. ઉપરાંત રાત્રે ૮ કલાકે રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

સે-૭ ખાતે અરૂણોદય સાગર મ.સા.નું ચાર્તુમાસ પરિવર્તન યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સે-૨૨ જૈન ઉપાશ્રય ખાતે બિરાજમાન આચાર્ય અરૂણોદય સાગર સુરીશ્વર મ.સા. તથા સાધ્વીજી રાજયશાશ્રીજી વૃંદના ચાર્તુમાસ પરિવર્તન તથા સંઘની ચૈત્ય પરિપાટી પ્રસંગે તા. ૨૫મી નવેમ્બર બુધવારે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સવારે ૬.૩૦ કલાકે સે-૨૨થી ચૈત્ય પરિપાટીનું પ્રયાણ આરંભાશે, ૭.૩૦ કલાકે સે-૭ના ગૃહ ચૈત્યમાં આગમન થતા સાધાર્મિકોની પ્રભાવના યોજાશે. સવારે ૮ કલાકે સે-૭માં વાસુપૂજય સ્વામીજી જિનાલય ખાતે ગુરૂપૂજન તથા પ્રવચનનો કાર્યક્રમ યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા તમામ ધર્મપ્રેમી નગરજનોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

એએમએ ખાતે જીવનવિદ્યા પ્રબોધક સોમદેવનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૨

અમદાવાદ મેનેજમેન્ટ એસસોસીએશન એએમએ દ્વારા 'જીના ઉત્સવપૂર્વક' વિષયે તા. ૨૫મી નવેમ્બર બુધવારે સાંજે ૬.૩૦ કલાકે જાણીતા જીવનવિદ્યા પ્રબોધક અને વિચારક સોમદેવના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રાજયના ગ્રામિણ વિકાસ વિભાગના કમિશનર ડૉ. જયંતિ રવિ ઉપસ્થિત રહેશે. આ વ્યાખ્યાન વસ્ત્રાપુરના એએમએ ખાતેના જે.બી. ઓડિટોરીયમમાં યોજાશે.

શહેરમાં તુલસી વિવાહની ભાવપૂર્ણ ઉજવણી

સેકટર-૩ ન્યુ ખાતે માંડવો, જાનૈયા, ગ્રહશાંતિ, ફટાણાંએ અલૌકિક માહોલ સર્જ્યો : સામૈયું, હસ્તમેળાપ, મંગળફેરા અને કન્યા વિદાય સહિતના તમામ પ્રસંગો ધામધૂમથી ઉજવાયા : શ્રધ્ધાળુઓ પોતાના ઘરના લગ્નપ્રસંગની જેમ સજી-ધજી મ્હાલ્યાં

ગાંધીનગર, તા. ૨૨

કારતક સુદ અગિયારસના શુભ દિવસે સેકટર-૩-એ ન્યુના રહેવાસી દિલીપભાઈ શુકલા પરિવાર દ્વારા તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શુકલા પરિવારના આંગણે મોટી સંખ્યામાં ભાવિક ભકતો પધાર્યા હતા. તમામ ધર્મપ્રેમી ભકતોએ તુલસી વિવાહના શુભ પ્રસંગની ખુબ જ ધામધૂમથી તેમજ રંગે ચંગે ઉજવણી કરી હતી.

તુલસી વિવાહના શુભ પ્રસંગને માણવાનો એક અનોખો જ લહાવો હોય છે. તુલસી વિવાહમાં સગી દિકરીને પરણાવતા હોય તેવી જ રીતે હરખના તેડાં સગા સંબંધી અને મિત્રોને કહેવાય છે. પરંપરાગત રીતે સગા સંબધી પણ સંપૂર્ણ શ્રધ્ધા સાથે આ વિવાહમાં હાજરી આપતા હોય છે. શુકલા પરિવારના આંગણે પણ વિવાહ દરમિયાન લોકોની શ્રધ્ધા-ભકિતની લાગણીઓનો સમન્વય જોવા મળ્યો હતો.

શંખચુડ નામના રાજા જેને શિવજીનું વરદાન મળ્યું હતું તેથી રાજા અભ્ય થઈ પ્રજાને અને દેવોને રંજાડતો હતો. બધા દેવો ત્રસ્ત થઈ વિષ્ણુ ભગવાન પાસે મદદે ગયા હતા. પરંતુ શંખચુડની પત્ની વૃંદા અત્યંત પતિવ્રતા સ્ત્રી હોવાથી તેના સતીત્વના કારણે રાજાનો વધ કરવો અશકય હતો. ભગવાન વિષ્ણુએ શંખચુડનું રૂપ લઈ તેના આસન પર બિરાજમાન થઈ વૃંદાનું વ્રત તોડયું હતું. આથી નારાજ થયેલી વૃંદાને ભગવાન વિષ્ણુએ તુલસી સ્વરૂપે સ્વીકારી તેની સાથે પોતે શાલીગ્રામ સ્વરૂપે વિવાહ કર્યા હતા ત્યારથી પરંપરાગત હિન્દુ ધર્મમાં તુલસી વિવાહનું આયોજન કરવામાં આવે છે. આ વિવાહ દેવકાર્યના માંગલિક પ્રસંગોમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે.

સે-૩ના તારામૃત કુંડના આંગણે શુકલા પરિવાર દ્વારા સવારે ૮ કલાકે વિધિવત રીતે ગણેશ સ્થાપના તેમજ મંડપ મુર્હુત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સવારે ૮.૪૫ કલાકે ગ્રહશાંતિની પૂજા હાર્દિક શુકલ અને જીનલ શુકલે કરી હતી, શ્રી શાલીગ્રામ ભગવાન સ્વરૂપે વિષ્ણુ ભગવાન દેવપક્ષના યજમાન બટુકભાઈ જોષી અને માલતીબેન જોષીના નિવાસ સ્થાનેથી જાનનું આગમન જાનૈયાઓ સાથે શુકલ પરિવારના આંગણે થયું હતું. જાનૈયાઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે લગ્નપ્રસંગના ગીતો પ્રસિધ્ધ કલાકાર કલાબેન પંચાલે રજૂ કર્યા હતા. આ પ્રસંગે ભકતોએ પણ માતાજીના ગુણગાન કરતા આનંદનો માહોલ ચોતરફ ઉભો થયેલો જોવા મળ્યો હતો.

તુલસી વિવાહમાં કન્યાદાનનું ખૂબ જ મહત્વ હોય છે. આ મહત્વનું તેમજ પુણ્યનું કાર્ય સમ્રાટભાઈ દિલિપભાઈ શુકલ તથા રોહિણીબેન સમ્રાટ શુકલે કર્યું હતું. આ તુલસી વિવાહમાં (લક્ષ્મી પક્ષે) તુલસી માતાના પક્ષે તારાબેન અમૃતલાલ શુકલ, દિલીપભાઈ શુકલ, કિરણબેન શુકલ, સમ્રાટ શુકલ, હાર્દિક શુકલ તેમજ શુકલ પરિવારે ઉભા રહી શુભ કાર્ય કર્યું હતું તથા (દેવ પક્ષે) વિષ્ણુ ભગવાનના પક્ષે બટુકભાઈ આર. જોષી, માલતીબેન જોષી, નિખિલ જોષી, સોનલ જોષી, નિરવકુમાર ત્રિવેદી તેમજ જોષી પરિવાર દ્વારા જાનૈયાઓ સહિત શુકલ પરિવારના આંગણે ભગવાન વિષ્ણુને સાથે લઈ વાજતે ગાજતે જાન લઈ પધાર્યા હતા. આમ બંને પરિવારો દ્વારા તુલસી વિવાહની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. અંતમાં અત્યંત સંવેદનશીલ માહોલમાં તુલસીજીની કન્યા વિદાયનો પ્રસંગ પણ યોજાયો હતો. સમગ્ર ધાર્મિક કાર્યક્રમનો મોટી સંખ્યામાં ધર્મપ્રેમી શ્રધ્ધાળુઓએ ભાવપૂર્વક લ્હાવો ઉઠાવ્યો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)

વાતવાતમાં

- નગરના એક તુલસી વિવાહ કાર્યક્રમમાં વરરાજાને માંડવામાં લાવતી વખતે ઢોલ નગારા વગાડનારા કે બેન્ડવાજાની વ્યવસ્થા ના હોવાથી થાળી વેલણ વગાડવામાં આવ્યા હતા. ચુંટણીના માહોલમાં થાળી વેલણ વાગતા જ મંડપમાં ઉપસ્થિત ભાવિકોને પાટીદાર આંદોલનની યાદ તાજી થઈ જવા પામી હતી.
- વાવોલમાં તુલસી વિવાહ સંપન્ન થયા બાદ વરઘોડીયાને વારાહી માતાજી તથા મહાકાળી માતાજી મંદિર ખાતે દર્શનાર્થે લવાયા હતા. આ ટાણે ઉપસ્થિત તમામ શ્રધ્ધાળુઓએ ડીજે સાઉન્ડના તાલે ગરબા રમવાનો લ્હાવો લીધો હતો. ગામલોકો મોટી સંખ્યામાં વિવાહ તથા વરઘોડામાં ઉપસ્થિત રહ્યા હતા. ગરબા ગાતા ભાવિકોને જોવા માટેય અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.
- માણસામાં ગાંડીતૂર થયેલી એક ગાયે ૬ વ્યકિતઓને ભેટે ચડાવી ઘાયલ કરી હતી. ગાય ભલે માતા કહેવાય પરંતુ જયારે તોફાને ચઢે ત્યારે તેનાથી દૂર જ રહેવું હિતાવહ છે તેવું ઘાયલો સહિત અનેકને સમજાઈ ચુકયું છે.
- પેથાપુર ચરેડી સ્ટોપ નજીક મુખ્ય માર્ગ પર એક પુરપાટ વેગે દોડતી કાર નીચે એક કુતરું આવી ગયું હતું અને કારની નીચે લગભગ વીસેક ફુટ જેટલું ખેંચાયું હતું. આશ્ચર્યની વાત તો એ છે કે આટલું ખેંચાવા છતાં કાર ઉભી રહી ત્યારે કુતરું તેની નીચેથી સહીસલામત નીકળીને ભાગી ગયું હતું. આને કહેવાય રામ રાખે તેને કોણ ચાખે.
- જિલ્લા પંચાયતની ચૂંટણીના પ્રચાર માટે ગાંધીનગર જિલ્લાનાં ગામોમાં રીક્ષાઓ ફરવા માંડી છે. ગાંધીનગર શહેરની નજીક આવેલાં ગામો ઉપરાંત સમગ્ર જિલ્લાનાં ગામોમાં હવે દિવસભર આવી પ્રચાર રીક્ષાઓ ફરતી જોઈ શકાય છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

રાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ગાંધીનગરના કુશ રાવલની પસંદગી

ગાંધીનગર, તા. ૨૨

આગામી ડિસેમ્બર માસમાં મુબઈ ખાતે અંડર-૧૭ સી.કે. નાયડુ નેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૧૫ યોજાશે. જેમાં ગાંધીનગર માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલના ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી કુશ કુણાલ રાવલની આ ટુર્નામેન્ટ માટે પસંદગી થઈ છે. ગાંધીનગર ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન દ્વારા ગુજરાતના પ્રતિનિધિ તરીકે ભાગ લેશે. આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કરે તેવા આશીર્વાદ અને અભિનંદન શાળા પરીવાર તેમજ ગાંધીનગર ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન દ્વારા આપવામાં આવ્યા છે.

ખ-૩ થી ખ-૫ જવાનો માર્ગ સવા બે માસ બંધ રહેશે

મહાત્મા મંદિર ખાતે ફેઝ-૨/બીનું કામ ચાલુ થતા અધિક કલેકટરે જાહેરનામુ બહાર પાડયું

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સેકટર-૧૩/૧૪ પાસે સ્થિત મહાત્મા મંદિર ખાતે ફેઝ-૨/બીનું કામ શરૂ કરવામાં આવતા ખ-રોડ પર આવતા ટ્રાફીક તથા રાહદારીઓને હાની કે મુશ્કેલી ન પડે તે હેતુથી સવા બે માસ સુધી ખ-૩ થી ખ-૫ સુધીનો માર્ગ બંધ રહેશે. ખ-૩ થી ખ-પનો માર્ગ સંપૂર્ણ બંધ કરી ખ-૩ થી રેલવે સ્ટેશન જઈ શકાય તેટલો માર્ગ ચાલુ રાખવા સંદર્ભેનું જાહેરનામુ અધિક કલેકટર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

મહાત્મા મંદિરનું મોટા ભાગનું સ્ટ્રકચર ઉભું થઈ ગયું છે. સોલ્ટ માઉન્ટથી મહાત્મા મંદિરને જોડતો બ્રીજ બનવાની કામગીરી ચાલી રહી છે. તે ઉપરાંત ખ માર્ગ પર ફેઝ-૨/બીનું કામ હવે શરુ કરવાની તૈયારી થઈ ગઈ છે. જેને પગલે ખ માર્ગ પર અવર જવર કરતા વાહનચાલકો એટલે કે ટ્રાફીકને તથા રાહદારીઓને હાની ન પહોંચે અને અન્ય કોઈ મુશ્કેલી સર્જાય નહીં તે હેતુસર ખ-૩ થી ખ-૫ સુધીનો રસ્તો ૩૧ જાન્યુઆરી ૨૧૬ સુધી સવા બે મહિના માટે સંપૂર્ણ બંધ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખ-૩ થી ખ-૫ સુધીનો માર્ગ સવા બે મહિના સુધી સંપૂર્ણ બંધ કરવા તથા ખ-૩ થી રેલવે સ્ટેશન તરફ જવાનો રસ્તો ચાલુ રહે તે મુજબનું જાહેરનામુ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વી.જી. કાલરીયા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

પોલીસના 'ઈફેકટીવ' નાઈટ પેટ્રોલીંગ વચ્ચે ઘરફોડનો સીલસીલો યથાવત

સેકટર-૪નાં શોપીંગ સેન્ટરમાં બે દુકાનોનાં તાળા તોડી તસ્કરો ૧૫થી વધુ મોબાઈલો અને રોકડ ચોરી ગયા

ગાંધીનગર, તા. ૨૨

એક તરફ હોમગાર્ડ જવાનોની ગેરહાજરી અને બીજી તરફ પોલીસનાં 'ઈફેકટીવ' નાઈટ પેટ્રોલીંગ વચ્ચે શહેરમાં ઘરફોડ ચોરીઓનો સીલસીલો યથાવત છે. ગત રાત્રિ દરમિયાન સેકટર-૪-એની શોપીંગ સેન્ટરને ટાર્ગેટ બનાવીને તસ્કરો બે દુકાનોના તાળા તોડી અંદરથી ૧૫થી વધુ મોબાઈલો અને રોકડ ઉપરાંત મોબાઈલને લગતો સામાન ચોરી ફરાર થઈ ગયા હતાં. બંને વેપારીઓએ સે-૭ પોલીસ મથકમાં ગુના અંગે જાણવાજોગ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૪-એ શોપીંગ સેન્ટરમાં સ્થિત બે દુકાનો સહજાનંદ પાર્લર એન્ડ જનરલ સ્ટોર તથા હરીઓમ પાર્લરના રાત્રી દરમિયાન તાળા તુટયા હતા. રાત્રે ત્રાટકેલી તસ્કર ટોળકીએ બંને દુકાનના તાળા તોડીને અંદર પ્રવેશી મોબાઈલો, રોકડ અને મોબાઈલને લગતા સામાનની ચોરી કરી હોવાનું ધ્યાને આવ્યું છે. સહજાનંદ પાર્લર એન્ડ જનરલ સ્ટોરના મલિક યોગેશભાઈ પટેલને વહેલી સવારે તેમના એક સ્થાનિક પરિચિત વ્યકિતનો ફોન આવ્યો હતો કે તેમની દુકાનનું અને બાજુમાં સ્થિત અલ્કેશભાઈ પટેલની હરીઓમ પાર્લરનું શટર ખુલ્લું છે. યોગેશભાઈએ દુકાન પહોંચીને જોયું તો તેમની દુકાનમાંથી રીચાર્જ માટે રાખેલા આઠ મોબાઈલ અને કેશ ડ્રોઅરમાંથી રૂ. ૨૫૦૦ રોકડ ચોરી થઈ ગયેલા હતા. તે ઉપરાંત બાજુની દુકાનમાંથી પણ રીચાર્જ માટે મુકેલા મોબાઈલો અને મેમરી કાર્ડ, ડેટા કાર્ડ સહીતનો મોબાઈલને લગતો સામાન ચોરી થવા પામ્યો હતો. આ ઘરફોડ અંગે પોલીસને જાણ કરાતાં સે-૭ પોલીસ બનાવસ્થળે આવી પહોંચી હતી પરંતુ કિંમતી સામાનની ચોરી ન થઈ હોવાથી વેપારીઓએ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું અને જાણવા જોગ નોંધાવી હતી.

બચતના પરંપરાગત શસ્ત્રથી મોંઘવારી મ્હાત થઈ શકે

અત્યાર સુધી વિશ્વભરમાં 'બચત'માં અગ્રેસર રહેલા ભારતીયોની નવી પેઢી 'કરકસર'થી વિમુખ થઈ રહી છે : નાની નાની બચતના નવતર સ્વરૂપ સમી 'સિપ' આશાસ્પદ વિકલ્પરૂપે ઉભરી રહી છે

ગાંધીનગર, તા. ૨૨

છેલ્લા કેટલાક સમયથી દેશમાં મોંઘવારીએ માઝા મુકી છે. જેના કારણે મધ્યમવર્ગ અને ગરીબ વર્ગની હાલત દિન પ્રતિદિન કફોડી બનતી જાય છે. દેશના નાગરિકોએ આ મોંઘવારીથી છુટકારો મેળવવા 'અચ્છે દિન'ની આશાએ સરકાર સુધ્ધાં બદલી જોઈ પરંતુ હાલ કોઈ આશાનું કિરણ નજરે ચઢતું નથી. આ સંજોગોમાં આપણી ટેવ મુજબ જો ભૂતકાળ તરફ નજર કરીએ તો આપણા વડવાઓએ શીખવાડેલ બચતનું મહત્વ અને કરકસરના મહિમાને સામાન્ય વર્ગે આત્મસાત કર્યા વિના અન્ય કોઈ ઉપાય નજરે ચઢતો નથી.

સદીઓથી આપણને વડવાઓએ 'ત્રેવડ એ ત્રીજો ભાઈ' કહી કરકસરયુકત જીવનશૈલી અપનાવવા શીખ આપી છે જેને મહાત્મા ગાંધીજીએ પણ સાદગીભર્યા જીવનનું પ્રત્યક્ષ ઉદાહરણ પ્રસ્તુત કરી મોંઘવારીનું મારણ રજુ કર્યું હતું. હકીકતમાં મોંઘવારી એ આજની સમસ્યા નથી અને એક રીતે જુઓ તો અર્થતંત્રનો એક ભાગ છે પરંતુ ઘણીવાર એવી સ્થિતિ પેદા થાય કે ચીજવસ્તુઓના ભાવો માંગ અને પુરવઠાના સર્વ સામાન્ય નિયમો તોડીને અકલ્પનીય વર્તન કરે ત્યારે અસહ્ય પરિસ્થિતિ પેદા થતી હોય છે. આ પરિસ્થિતિ માટે કાળાબજારથી માંડીને અનેક પરિબળો ભાગ ભજવતા હોય છે. ભારતમાં રીઝર્વ બેંક દ્વારા વખતોવખત વિવિધ પગલા ઉઠાવી આ પરિબળો પર અંકુશ મેળવવા પ્રયત્ન કરાય છે. ઘણીવાર સરકારની નારાજગી વહોરીને પણ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આકરા પગલા ભરવામાં આવે છે તે આપણી લોકશાહીની પારદર્શકતા અને મજબુતાઈનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ છે.

ઈતિહાસ તપાસીએ તો ભારતીય સંસ્કૃતિમાં વણાઈ ચુકેલા કરકસર અને બચતના મહિમાએ સામાજિક, આર્થિક અને પર્યાવરણીય સક્ષમતાને મજબૂત બનાવવાનુ કાર્ય કર્યું છે. દ્રવ્યો તથા સાધન સંપત્તિના વિવિકપૂર્ણ ઉપયોગના કારણે પર્યાવરણનું જતન કરી શકાય અને ભવિષ્યને સુરક્ષિત બનાવી શકાય છે. ભારતીયો વિશ્વમાં સૌથી વધુ બચત કરતી પ્રજાતિઓમાંના એક ગણાય છે. અને આ આદતના કારણે વધતી જતી

મોંઘવારી તથા નવીન ખર્ચાળ જીવિનશૈલી વચ્ચે અસરકારક સંતુલન સાધી શકતા યોધ્ધા સાબિત થયા છે. અહીં મા-બાપ બાળક સમજણું થતા જ તેને 'ગલ્લો' લાવી આપે છે જેમાં એકએક સિક્કો નાંખી રોમાંચ સાથે બચતના ગુણ શીખે છે. જો કે નવી પેઢી વધુ ગ્લોબલાઈઝ બની રહી છે. જેમાં 'ઈકવીપમેન્ટ' આધારિત જીવનશૈલી અપનાવવાનો ટ્રેન્ડ વધતા બચતનો મહિમા ઘટતો જાય છે જે અત્યાર સુધીમાં આવેલી અનેક ભયંકર વૈશ્વિક મંદીઓના તોફાનમાં મજબૂતાઈથી ટકેલ ભારતીય અર્થતંત્રનો બચતનો પાયો ધ્રુજાવવા તરફ ગતિ કરી રહી છે. સરકાર વણસતી જતી પરિસ્થિતિને કાબુમાં લેવા વિવિધ પગલા ભરી રહી છે પરંતુ પારિવારિક વ્યકિતત્વ ધરાવતા સામાન્ય નાગરિકે સમયસર સેવિંગ્સનું મહત્વ સમજી લેવાની જરૂર છે. દેશમાં 'નાની બચત'એ સર્જેલા વિરાટ સ્વરૂપે હંમેશા ફુગાવા સામે રક્ષણ આપ્યું છે. પરંતુ આધુનિક સમયમાં સેવિંગ્સને ઈન્વેસ્ટમેન્ટમાં તબદીલ કરવાનો ટ્રેન્ડ સૌથી અસરકારક પુરવાર થઈ રહ્યો છે.

રોકાણના અનેક વિકલ્પો વચ્ચે મ્યુચ્યુઅલ ફંડમાં પધ્ધતિસર રીતે કરવામાં આવતા નાના નાના રોકાણે ખૂબ જ મોટા પરીણામો આપ્યા છે. સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટની આ પધ્ધતિ એસઆઈપી એટલે સિપના નામથી ઓળખાય છે. 'ટીંપે ટીંપે સરોવર ભરાય' જેવી ઉકિતથી બચતના મહિમાને સચોટ સમજાવતા આપણા પૂર્વજોએ આપેલ વારસાગત આદતને 'સિપ' નવતર સ્વરૂપ આપે છે. જે લાંબા ગાળાના નિશ્ચિત ધ્યેયને પુરા કરવા મદદરૂપ થઈ રહી છે. ખાસ કરીને મધ્યમવર્ગીય રોકાણકારોને નાની રકમમાં પણ ઈકવીટી એકસ્પોઝર આપતી 'સિપ' આશાસ્પદ વિકલ્પરૂપે ઉભરી રહી છે. જેમાં રૂપી કોસ્ટ એવરેઝીંગના ફેકટર થકી ચક્રવૃધ્ધિ ઈજાફાનો પણ લાભ મળે છે. સરેરાશ પડતરના સિધ્ધાંતથી વધુ લાભ કમાવી આપતી 'સિપ'માં બજારની અનિશ્ચિતતાનું જોખમ જરૂર છે પરંતુ લાંબે ગાળે અન્ય સાધનોની તુલનામાં તે વધુ વળતર આપતું સાધન પણ પુરવાર થઈ રહી છે. વળી, બજારની અનિશ્ચિતતા સામે સરેરાશ પડતર વડે મ્હાત કરી નાના રોકાણકારોનો ઈકવીટી માર્કેટમાં વિશ્વાસ ટકાવી રાખે છે. જો કે દરેક રોકાણકારે પોતાના ધ્યેય, જરૂરિયાત, પરવડતા અને જોખમ લેવાની ક્ષમતાને આધારે તમામ ફંડના પરફોર્મન્સનો અભ્યાસ કરી 'સિપ'ની પસંદગી કરવી જોઈએ તે માટે યોગ્ય નાણાંકીય સલાહકારનું માર્ગદર્શન લઈ આગળ વધવુ વધુ સલાહભર્યું છે. હવે તો બજારનાં નવી પેઢીને વધુ અનુકુળ આવતા 'ઓનલાઈન' વિકલ્પો પણ ઉપલબ્ધ છે પરંતુ બજારના જોખમને પણ સમજી લેવું આવશ્યક છે. ટેક્ષ પ્લાનીંગ સાથે મોંઘવારીને મ્હાત કરી ભવિષ્યને વધુ સુરક્ષિત કરવા માટે 'સિપ' શ્રેષ્ઠ વિકલ્પ બની રહી છે જેને અપનાવવી હવે દરેક માટે અનિવાર્ય બનતું જાય છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

ઈન્ફોસીટી વિસ્તારમાં દોઢ મહિનાથી

મકાનમાં ઘુસીને ચોરીઓ કરતો મૂકબધિર યુવાન ઝડપાયો

છ ચોરીઓનો ભેદ ઉકેલાયો : લેપટોપ-મોબાઈલો ચોરીને ટ્રેસ ન થાય તે માટે તામિલનાડુ મોકલી દેતો હતો

ગાંધીનગર, તા. ૨૨

ઈન્ફોસીટી તથા આસપાસના વિસ્તારમાં છેલ્લા દોઢેક માસથી મકાનમાં ઘુસીને લેપટોપ-મોબાઈલો ચોરીના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો હતો. જેમાં મોટા ભાગે સવારે છ થી દશ વાગ્યાના સમયગાળામાં ચોરીઓ થતી હતી. જેને ધ્યાને રાખીને એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ઈન્ફોસીટી પી.આઈ. પરાગ ચૌહાણ તથા તેમની ટીમે આ સમયગાળા દરમિયાન સઘન વૉચ રાખી હતી તેમજ સીસીટીવી ફુટેજ પર પણ સતત મોનીટરીંગ શરુ કરી દીધું હતું. જેને પગલે એક મુકબધિર યુવા શખ્સને ઈન્ફોસીટી પોલીસે દબોચી લીધો છે.

મળતી મહિતી મુજબ તામીલનાડુ વિસ્તારના મંઝર નામનો આ શખ્સ ઈન્ફોસીટી તથા આસપાસમાં રહેતા ટીસીએસના કર્મચારીઓ અથવા આજુબાજુની કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મકાનને ટાર્ગેટ બનાવતો હતો. સવારે છ થી દશ વાગ્યાના અરસામાં જે મકાનનો દરવાજો ખુલ્લો જોવે અને કોઈ દેખાય નહી ત્યારે ટેબલ પર કે ચાર્જીંગમાં મુકેલા લેપટોપ અથવા મોબાઈલ જે કાંઈ હાથમાં લાગે તેની ચોરી કરીને મંઝર ભાગી જતો હતો. પોલીસે મંઝરની ધરપકડ કરી લઈને સઘન પુછપરછ કરતા છ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયા છે. આ ચોરીના મોબઈલ કે લેપટોપને ટ્રેસ ન કરી શકાય તે માટે આ શખ્સ ચોરેલો માલ તામિલનાડુ મોકલી દેતો હોવાનું તપાસમાં ખુલવા પામ્યું છે.

ચિરવિદાય

- સ્વ. ધનાભાઈ મોતીભાઈ પટેલ (ઉ.વ.૬૧)
- સ્વ. અશોકભાઈ રામાભાઈ પટેલ (ઉ.વ.૫૦)
- સ્વ. સુષ્મા કીર્તિકુમાર સંઘવી (ઉ.વ.૫૦)
- સ્વ. પાંચાજી બબાજી ઠાકોર (ઉ.વ.૭૬)
- સ્વ. અંબાલાલ હિરાજી ઠાકોર (ઉ.વ.૫૩)